નં.૧/૧/૨૦૦૭-ડીસીએચ-ડબલ્યુ-ડબલ્યુ-એચડબલ્યુસીડબલ્યુ-એસ

આરોગ્ય વીમા યોજના(એચઆઈએસ) ના અમલ માટેની માર્ગદર્શક સુચનાઓ-

હાથશાળ વણકર વ્યાપક કલ્યાણ યોજનાનો ઘટક

૧. પ્રસ્તાવના :-

ભારત સરકાર, હાથશાળ વણકરોના લાભ માટે લોકહિતકારી પગલા તરીકે ૧૯૯૨-૯૩ ના વર્ષથીએક આરોગ્ય પેકેજ (સહંત) યોજનાનો અમલ કરી રહી હતી. ભારત સરકારે ૨૦૦૫-૦૬માં હાથશાળ વણકરો માટે આરોગ્ય વિમા યોજના શરૂ કરી હતી. જેને આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, જનરલ વિમા કંપની લી. ધ્વારા અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાને ૨૦૦૭-૦૮ અને ૨૦૦૮-૦૯માં સુધારેલા સ્વરૂપમાં અમલમાં મુકવામાં આવશે. આરોગ્ય વીમા યોજનાનો ઉદ્દેશ અને અન્ય મુખ્ય લક્ષણો નીચે આપ્યા છે.

૧. ઉદ્દેશ :-

આરોગ્ય વિમા યોજનાનો ઉદ્દેશ દેશની ઉત્તમ આરોગ્ય સંભાળ સેવાઓ વણકર સમુદાયને પ્રાપ્ ય બને એ માટે તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો છે. આ યોજનામાં પહેલેથી મોજુદ રોગો તેમજ નવા રોગોને આવરી લેવા અને બહારના દર્દીઓના વિભાગ માટે સારી એવી જોગવાઇ રાખવા માટે ફકત વણકરને જ નહિ, પરંતુ તેની પત્ની અને બે બાળકોનેપણ આવરી લેવાના છે. તાણા ગોઠવવા, દોરા બાંધવા, લપેટવા, રંગવા, છાપકામ કરવું, આખરી ઓપ આપવો, યોગ્ય માપના બનાવવા, ઝાલ બનાવવી, જેકાર્ડ કટીંગ કરવું. વગેરે જેવી આનુસાંગીક કામગીરીઓમાં રોકાયેલા હાથશાળ વણકરો પણ આ યોજનામાં આવરી લેવા યોગ્ય છે.

૨. યોજનાના વિશિષ્ટ લક્ષણો :-

૨.૧ નાણાં વ્યવસ્થાની પધ્ધતિ :-

| | |
|---|---|
| ૧. ભારત સરકારનો ફાળો :- | વાર્ષિક રૂા. ૬૪૨.૪૭<br>પ્રીમીયમ રૂા. ૫૫૬.૫૦<br>૧૨.૩ ટકા લેખે સેવા કર રૂા ૮૫.૯૭<br>(૨૦૦૭-૦૮ના વર્ષ માટે) |
| ૨. હાથશાળ વણકર/ રાજય સરકારનો ફાળો | રૂા. ૧૩૯.૧૩/- વાર્ષિક |

રાજય સરકારો વણકર વતી ફાળો આપતી હોય તે કેસોમાં પણ વણકરોનો ન્યુનતમ ફાળો કુટુંબ દીઠ રૂા. ૫૦/- રાખવો

૩. કુલ પ્રિમીયમ( સેવા કર સહિત ) રૂા. ૭૮૧.૬૦/- વાર્ષિક

૨.૨ નાણાં છુટા કરવા :-

૧. હ ાઓની યોજના હેઠળ વણકરોને આવરી લેવા માટે પ્રીમીયમનો કેન્દ્ર સરકારનો હિસ્સો આઇ.સી.આઇ.સી.આઇ.લોમ્બાર્ડને સીધો જ આપવવામાં આવશે. પ્રિમીયમની રકમના સરકારના ફાળાની રકમ જેટલી રકમ અને આવરી લેવાનાં વણકરોને કુલ સંખ્યાના પ્રિમીયમના ૩૦ ટકા સુધીના સેવાકરની રકમ કંપનીને આપવામાં આવશે. ઉપર દર્શાવેલી રકમની ૬૬ ટકા જેટલી રકમનો વણકરોની સભ્ય-નોંધણી કરવામાં ઉપયોગ કરવામાં આવે ત્યારે કંપની નોંધાયેલા સભ્યોની સંખ્યા અને તેના માટે વપરાયેલા નાણાં દર્શાવતો પ્રગતિ અહેવાલ હાથશાળ વિકાસ આયુકતની કચેરીને મોકલશે. રાજય સરકાર જેને પ્રમાણપત્રથી વધુ સમર્થન આપ્યુ હોય એવો પ્રગતિ અહેવાલ મળતાની સાથે હાથશાળ વિકાસ આયુકતની

કચેરી, પ્રીમીયમની ૩૦ ટકા રકમ જેટલો પછીનો હ ો છુટો કરવા માટેની કાર્યવાહી હાથ ધરશે. આંકડો ૯૦ ટકાએ પહોચે ત્યાં સુધી આજ પ્રમાણમાં વધુ હ ાઓ છુટા કરવામાં આવશે. એક વખત ૯૦ ટકા (રકમ) અંગેના ઉપયોગીતા પ્રમાણપત્રો મળી જાય તે પછી જ ૧૦ ટકા જેટલી બાકી રહેલી રકમ છુટી કરવામાં આવશે.

૨. રૂા. ૬૯૫.૬૩ ના વાર્ષિક વિમા પ્રીમીયમ પર લાગુ પડતો સેવા કર ભારત સરકાર ભાગવશે.

૩. ચુકવેલા દાવાઓ આઈબીએનઆર અને ટીપીએ સહિતના ચાલુ દાવાઓનું ખર્ચ મંજુર કરેલા વાર્ષિક પ્રિમીયમના ૭૦ ટકાથી ઓછો હોય તો આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ વધારાની રકમને પછીના પોલીસી સમય સુધી લઈ જશે.

૩. અમલકર્તા એજન્સીઓ :-

હાથશાળ વિકાસ આયુકતની કચેરી આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, જનરલ વીમા કંપની લી. મારફત આ યોજના અમલમાં મુકશે. હાથશાળ રાજય નિયામક/ ઉધોગ નિયામક/હાથશાળનો હવાલો ધરાવનાર અધિકારી તેમના પોતાના રાજયોમાં આ યોજનાનો અસરકારક રીતે અમલ થાય એ સુનિ ત કરવા માટે જવાબદાર રહેશે.

૪. પાત્રતા :-

હાથશાળ વણકરો માટેની આરોગ્ય વીમા યોજના હેઠળની લાભ મેળવવા માટે (હવે પછી વણકર શબ્દમાં તાણા ગોઠવવા, દોરા બાંધવા, રંગવા, છાપકામ કરવું, આખરી ઓપ આપવો, યોગ્ય માપના બનાવવા, ઝાલ બનાવવી, જેકાર્ડ કટીંગ કરવું. વિગેરે જેવી કામગીરી કરતા આનુસાંગિક હાથશાળ વણકરોનો સમાવેશ થશે. ) વણકરે નીચેની શરતો પુરી કરવી જોઈએ.

- વણકર તેની આવકના ઓછામાં ઓછી ૫૦ ટકા જેટલી કમાણી હાથશાળ વણાટમાંથી કરતો હોવો જોઈએ.
- તમામ વણકરો, પુરૂષ હોય કે સ્ત્રી આરોગ્ય વિમા યોજના હેઠળ આવરી લેવાને પાત્ર છે. આ યોજના હેઠળ વણકરના ચાર વ્યકિતઓના કુટુંબને એટલે કે તે પોતે પત્ની, કે પતિ અને બે બાળકોને આવરી લેવાશે. આ યોજનામાં એક દિવસથી ૮૦ વરસ સુધીના વય જુથના લોકોને આવરી લેવાના છે.
- યોજના અમલમાં મુકતી વખતે સ્ત્રી વણકરો, લઘુમતી કોમોના વણકરો, અને ઉત્તર પુર્વ પ્રદેશ ( એનઈઆર) ના રાજયો અરૂણાચલ પ્રદેશ, આસામ, મણીપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રીપુરા, અને સિકકીમના વણકરોને પુરતુ પ્રતિનિધિત્વ મળે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી પ્રભારી રાજય નિયામક અને આઈસીઆઈસીઆઈ ની રહેશે.
- રાજય હાથશાળ વિકાસ નિગમો/ટોચ મંડળીઓ/ પ્રાથમિક હાથશાળ વણકર સહકારી મંડળીઓના વણકરોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. સહકારી મંડળીઓ બહારના વણકરોને પણ તેઓ પાત્રતા શરતો પુરી કરે છે એવા હાથશાળ રાજય નિયામકના પ્રમાણપત્રના આધારે યોજના હેઠળ આવરી લઈ શકાશે.
- યોજનાના લાભાર્થી બનનારા વણકરો અને આનુસાંગિક કારીગરોની પાત્રતાની ખરાઈ કરવાની જવાબદારી હાથશાળના પ્રભારી રાજય નિયામકની રહેશે.

૫. વ્યાપ :-

દેશની અંદર મર્યાદાઓ/ પેટા મર્યાદાઓને આધીન રહીને, કોઈપણ હોસ્પિટલ કે નર્સિગ હોમમાં લીધેલી તબીબી સારવાર દરમ્યાન વણકરે કરેલુ ખર્ચ આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ ચુકવશે./ ભરપાઈ કરશે.

૬. રોકડ રકમ વગરની (કેશલેસ) સુવિધા :-

આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ દેશ ભરમાં જુદા જુદા રાજયોમાંની યાદીમાં સામેલ કરેલ હોસ્પિટલો/ નર્સિંગ હોમમાં તેના અધિકૃત કરેલા પ્રતિનિધિઓ, (ત્રીજા પક્ષકાર વહીવટદાર) મારફત રોકડ રકમ વિનાની સુવિધા આપશે. આનો અર્થ એ થશે કે દર્દી, યાદીમાં સામેલ કરેલ કોઈપણ હોસ્પિટલમાં બીલની ખરેખર (રોકડ) ચુકવણી કર્યા વગર સારવાર લઈ શકશે. દર્દીને મંજુર કરેલ યાદીમાં ન હોય તેવા તેવા ડૉકટર પાસે કે કલીનીકમાં જવુ પડે તો તે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડને કે તેના અધિકૃત પ્રતિનિધિ ( ટીપીએ) ને દવા ચિઠ્ઠી (પ્રિસ્કિપ્શન) અને દવાઓના વાઉચરો મોકલી શકશે. જે એ બાબત સુનિિ ત કરશે કે તમામ જરૂરી દસ્તાવેજો અને માહિતી મળી ગયા પછી ૧૫ દિવસની અંદર પુરેપુરી ચુકવણી થઈ જાય.

૭. મુદત :-

૭.૧ વિમો ઉતારનારને પ્રિમીયમ મળ્યાની તારીખથી ૧૨ મહિનાના સમયગાળા માટે પોલીસી માન્ય ગણાશે.

૭.૨ એક વણકર કુટુંબને તેની/તેણીની પ્રિમીયમ હિસ્સાની ચુકવણી કરેથી સામાન્ય રીતે એક વર્ષ માટે લાભો મળશે. જે દર વર્ષે તેની પ્રિમીયમના હિસ્સાની ચુકવણી કરેથી વધુ એક વર્ષ માટે નવીનીકરણને પાત્ર બનશે.

૭.૩ (પોલીસીના ) નવીકરણોને અગ્રતા આપવી. દ્વિતીય વર્ષમાં ન્યુનતમ ૮૦ ટકા કેસોનું નવીકરણ કરવું. બીજા વર્ષે ૮૦ ટકા નવીકરણો કરવામાં નિષ્ફળ જવાને પરિણામે કંપની પર પ્રતિબંધ આવશે.

૮. લાભ :- (રૂ.માં)

| | |
|---|---|
| કુટુંબ (૧ ૩ ) દીઠ વાર્ષિક મર્યાદા | ૧૫,૦૦૦/- |
| કુટુંબ દીઠ પેટા મર્યાદાઓ | |
| તમામ અગાઉના જુના રોગો-નવા રોગો | ૧૫,૦૦૦/- |
| પ્રસુતિ લાભ( પ્રથમ બે બાળક માટે બાળક દીઠ) | ૨૫૦૦/- |
| દાંતની સારવાર ( દંત ચિકિત્સા) | ૨૫૦/- |
| આંખની સારવાર (નેત્ર ચિકિત્સા) | ૭૫/- |
| ચશ્મા | ૨૫૦/- |
| સ્થાયી રૂપે હૉસ્પિટલમા સારવાર માટે રાખવા | ૪,૦૦૦/- |
| આર્યુવેદિક/યુનાની/હોમિયોપેથીક/સિધ્ધ | ૪,૦૦૦/- |
| હોસ્પિટલમાં સારવાર માટે રાખવા (પહેલા અને પછી સહિત) | ૧૫,૦૦૦/- |
| બાળ સંભાળ | ૫૦૦/- |
| બહારના દર્દી | ૭૫૦૦/- |
| માંદગી દીઠ મર્યાદા | ૭૫૦૦/- |

અપવાદ :-

સુધારણાત્મક સૌદર્યવર્ધન શસ્ત્રક્રિયા કે સારવાર (Corrective Cosmetic Surgery or treatment )

એચઆઈવી, એઈડઝ, વંધ્યત્વ, ગરમીના રોગ, ઈરાદાપૂર્વક પોતાને કરેલી ઈજા, માદક પદાર્થો ( કેફી દ્રવ્યો કે આલ્કોહોલ (દારૂ)નો ઉપયોગ યુધ્ધ, હુલ્લડ, હડતાળ, આંતકવાદી પ્રવૃત્તિઓ અને અણુંસબંધી જોખમો.

૯. કામગીરીની પધ્ધતિ :-

૯.૧ હાથશાળના પ્રભારી રાજય નિયામક, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ સાથે વણકરોના વિમા આવરી લીધેલા જોખમની મર્યાદા નકકી કરશે.

૯.૨ ભારત સરકાર હાથશાળ વણકરો માટેની આરોગ્ય વીમા યોજનાની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડે તે તારીખથી આ યોજના અમલમાં આવશે.

૯.૩ હાથશાળ અને કાપડ ઉધોગના પ્રભારી રાજય નિયામકની કચેરી અને ક્ષેત્રમાંની તેના તાબાની કચેરીઓ આ યોજનાનો અમલ કરવા માટે કેન્દ્રવર્તી એજન્સીઓ બનશે.

૯.૪ કેન્દ્ર સરકારનો પ્રિમીયમનો હિસ્સો આ યોજના હેઠળ વણકરોના વિમાના આવરી લીધેલા જોખમ માટે આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડને હ ાઓમાં સીધો જ છુટો કરવામાં આવશે. પ્રિમીયમની રકમના સરકારના ફાળા જેટલી જ રકમ અને આવરી લેવાના વણકરોની કુલ સંખ્યાના પ્રિમીયમનો ૩૦ ટકા જેટલો સેવા કર કંપનીને ચુકવવામાં આવશે. ઉપર દર્શાવેલી રકમની ૬૬ ટકા જેટલી રકમનો વણકરોને સભ્ય નોંધણી માટે ઉપયોગ થાય ત્યારે કંપની નોંધાયેલા લોકોની સંખ્યા અને એ માટે વપરાયેલા નાણાંનો નિર્દેશ કરતો એક પ્રગતિ અહેવાલ હાથશાળ વિકાસ આયુકતની કચેરીને મોકલશે. રાજય સરકાર જેને પ્રમાણપત્રથી વધુ સમર્થન આપ્યુ હોય એવો પ્રગતિ અહેવાલ હાથશાળ વિકાસ આયુકતની કચેરીને પ્રા થતાં તે પ્રીમીયમની ૩૦ ટકા (રકમ) જેટલો પછીનો હ ો છુટા કરવા માટેની કાર્યવાહી હાથ ધરશે. આંકડો ૯૦ ટકાએ પહોચે ત્યાં સુધી આજ પ્રમાણમાં વધુ રકમ છુટી કરવામાં આવશે. એક વખત ૯૦ ટકા રકમ અંગેના ઉપયોગિતા પ્રમાણપત્ર મળી જાય પછી જ ૧૦ ટકા જેટલી બાકી રહેતી રકમ છુટી કરવામાં આવશે.

૯.૫ સંભવિત લાભાર્થીએ પ્રવેશ નોંધણી ફોર્મ ભરીને પ્રિમીયમના તેના/તેણીના હિસ્સાની રકમ સાથે તે રાજય હાથશાળ નિયામકની કચેરીને રજુ કરવાનું રહેશે. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ રાજય હાથશાળ નિયામકની કચેરીને અને / અથવા વણકરોને અરજી/સભ્ય નોંધણી ફોર્મ પુરા પાડવાના રહેશે.

૯.૬ રાજય હાથશાળ નિયામકની કચેરી અરજીની ઝીણવટપૂર્વક તપાસ કરશે. અને જો યોગ્ય જણાય તો પ્રિમીયમની રકમ સ્વીકારશે. અને પ્રીમીયમની રકમ સાથે આવા લાભાર્થીઓની યાદીઓ આઈસીઆઈસીઆઈ લોબાર્ડને મોકલી આપશે.

૯.૭ રાજય હાથશાળ નિયામકની કચેરી તરફથી લાભાર્થીઓની યાદી સાથે પ્રમીયમની રકમ મળતાં, આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ વીમો ઉતારેલી વ્યકિતઓના નામ દર્શાવતા પત્રક સાથે રાજય હાથશાળ નિયામકની કચેરીને આરોગ્યપત્રો (હેલ્થ કાર્ડ) મોકલશે. અમલકર્તા એજન્સી સાથે રાજય હાથશાળ નિયામકની કચેરી વ્યકિતગત લાભાર્થીને વીમાની પોલીસીના વ્યાપ વિશે જાણ કરવાની વ્યવસ્થા કરશે.

૯.૮ વીમાની મુદત દરમિયાન કોઈ હાથશાળ વણકર તેનો રોજગાર એક મંડળી કે નિગમમાંથી અન્ય સ્થળે બદલે તો તે/તેણી યોજનાના લાભાર્થી તરીકે રાજય સરકારને તેની જાણ કરશે.

૯.૯ રાજય સરકારો અને રાજય હાથશાળ નિગમો/ ટોચ મંડળીઓ/ પ્રાથમિક હાથશાળ વણકર સહકારી મંડળીઓ/ સંઘો/મંડળો, હાથશાળ વણકરોને આ યોજનામાં જોડાવા માટે પ્રેરીને આ યોજનાનો અમલ કરવામા સક્રિય રીતે જોડાશે.

૯.૧૦ આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ, નો્ધાયેલા સભ્યોની કુલ સંખ્યાનો માસિક અહેવાલ હાથશાળના પ્રભારી રાજય નિયામક/આયુકતને મોકલશે. યોગ્ય ખરાઈ કર્યા પછી જે આવા નોંધાયેલા સભ્યોની સંખ્યાને અને આરોગ્ય પત્રોને પ્રમાણિત કરશે.

૯.૧૧ રાજય હાથશાળ નિયામકની કચેરી, વીમાના વ્યાપ અને દાવાઓની પતાવટની વિગતો દર્શાવતા સામયિક અહેવાલો દરેક માહિનાની દસમી તારીખે હાથશાળ વિકાસ આયુકત, કાપડ મંત્રાલયને મોકલશે.

૧૦. દાવાની કાર્યપધ્ધતિ :-

૧. હોસ્પિટલમા આયોજિત રીતે સારવાર લેવી

ક. દર્દી યાદીમાં સમાવિષ્ટ હોય તેવી તેની/તેણીની પસંદગીની કોઇપણ હોસ્પિટલ/ નર્સિંગ હોમમાં જઇ શકે છે. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ, આવી હોસ્પિટલોની યાદી પુરી પાડશે. તેની એક નકલ **www.handlooms.nic. in** પર મુકવામાં આવશે.

ખ. યાદીમાં સામેલ સબંધિત હોસ્પિટલોએ/ નર્સિંગ હોમે દર્દીનું નામ/ પોલીસી નં./ માંદગીનો પ્રકાર/ હોસ્પિટલનું નામ આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડને અથવા તેના પ્રતિનિધિઓને જણાવવાના રહેશે. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડના પ્રતિનિધિઓ (ટીપીએ)/ સંપર્ક કરવા માટેની વ્યકિતઓની યાદી પુરી પાડવાની રહેશે.

ગ રોકડ પૈસા ચુકવ્યા વગર સુવિધા પ્રા  કરવા માટે વીમો ઉતારેલી વ્યકિતઓને આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ વણકરોને ઓળખપત્રો આપશે. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ અથવા તેના પ્રતિનિધિઓની, ટેલીફોન નંબરોની, હેલ્પ લાઇન નંબરોની વિગતો પણ સંદર્ભની સરળતા માટે ઓળખપત્રોમાં દર્શાવવાની રહેશે. વધુમાં, પસ્દગીની યાદીમાં સમાવિષ્ટ હોસ્પિટલો પણ આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડને અથવા તેના પ્રતિનિધિઓને ફેકસથી અધિકૃતિ ફોર્મ પણ મોકલશે જેઓ ૧ર કલાકની અંદર તેને મંજુરી આપશે.

ઘ દર્દી સારવાર લેશે, બિલ પર સહી કરશે અને (હોસ્પિટલમાંથી) છુટો થઇ જશે. કોઇ જ ચુકવણી કરવાની નથી.

ર. આકસ્મિક આવશ્યકતામાં હોસ્પિટલમાં સારવાર લેવી :-

ક. દર્દીને યાદીમાં સમાવિષ્ટ કોઇપણ હોસ્પિટલમાં તાત્કાલીક લઇ જઇ શકાશે.

ખ. હોસ્પિટલમાં ઓળખપત્ર રજુ કરવાનું રહે છે અને દર્દી સારવાર લઇ શકે છે. સાથોસાથ, કુટુંબીજનો આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડનો કે તેના પ્રતિનિધિઓ (ટીપીએ) નો હેલ્પ લાઇન પર સંપર્ક કરી શકે છે. અને પુર્વ અધિકૃતિ ફોર્મ રજુ કરી શકે છે. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ કે તેના અધિકૃત પ્રતિનિધિઓ (ટીપીએ) એ હોસ્પિટલને મંજુરી અંગેનો ફેકસ તાત્કાલીક કરવાનો રહે છે.

ગ. દર્દી સારવાર લેશે,બિલ પર સહી કરશે અને (હોસ્પિટલમાંથી) છુટો થઇ જશે. પૈસાની કોઇજ ચુકવણી કરવાની નથી.

૩. દાવાની ચુકવણી કરવી.

દર્દી નેટવર્ક/યાદીમાં સમાવિષ્ટ હોસ્પિટલો ઉપરાંત કોઇ ડૉકટર પાસેથી કે કિલનિકમા સારવાર લઇ શકે છે. વણકર હોસ્પિટલના બીલ અંગે તમામ ખર્ચ ચુકવી શકે છે. વિમા કંપની, દેશમાં કંપનીએ પસંદગી યાદીમાં સમાવિષ્ટ ન કરી હોય તેવી કોઇપણ હોસ્પિટલ કે નર્સિંગ હોમમાં લીધેલી તબીબી સારવાર દરમિયાન વણકરોએ કરેલા ખર્ચની/ મર્યાદાઓ/ પેટામર્યાદાઓને આધીન રહીને અને મંજુર કરેલા સીજીએચએસ દરો કરતાં વધુ નહિ તેટલી રકમની ચુકવણી ભરપાઇ કરશે. વણકર વિમા કંપનીને કે તેના અધિકૃત પ્રતિનિધિઓ (ટીપીએ) ને પ્રિસ્કિપ્શન( દવા ચીઠ્ઠી) અને દવાનાં વાઉચરો મોકલી શકે. જેઓએ સુનિ ત કરશે કે જરૂરી દસ્તાવેજો અને માહિતી મળી ગયા પછી ૧પ દિવસમાં પુરેપુરી ચુકવણી થઇ જાય.

૪. સહાય :-

૧. કોઇપણ સહાય માટે સમગ્ર દેશમાં આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડના રાજય સંકલનકારોનો સંપર્ક સાધી શકાશે આવા અધિકારીઓ/સંપર્ક વ્યકિતઓની યાદી આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ સ્થાનિક ભાષામાં પુરી પાડશે. આ યાદીની નકલ વેબસાઇટ ઇન તેમજ અખબારોમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ર. મુદ્િત યાદીઓ આપવા ઉપરાંત આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ તમામ સબંધિત સરકારી સંસ્થાઓની વેબસાઇટ પર હોસ્પિટલો/નર્સિંગ હોમ ,ટીપીએ અને આઇસીઆઇસીઆઇ ની

સંપુર્ણ વિગતો પણ મોકલશે. આ યાદીની એક નકલ વેબસાઈટ **www.handlooms.nic. in** પર ઉપલબ્ધ કરવામાં આવશે.

૧૧. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડની ભુમિકા :-

૧. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ કે તેના અધિકૃત પ્રતિનિધિઓ (ટીપીએ) તબીબી સારવાર માટે મધ્યમ કક્ષાની હોસ્પિટલો/ નર્સિંગ હોમની યાદી હાથશાળ વણકરો, રાજય સરકારો, અને હાથશાળ વિકાસ આયુકતની કચેરીને પુરી પાડશે. આ યાદી ત્રિમાસિક ધોરણે સુધારતા રહેવું જોઈએ.

૨. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ કે તેના અધિકૃત પ્રતિનિધિઓ (ટીપીએ) દેશમાં ઓછામાં ઓછા ૨૫૦ હાથશાળ સમૂહોને બહારના દર્દીઓના વિભાગ/અંદર ના દર્દીઓના વિભાગની કેશલેસ સવલતો માટેની આરોગ્ય વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલી હોસ્પિટલોની યાદી પણ રાજય સરકારોને પુરી પાડશે. તેવો હાથશાળ વિકાસ આયુકતની કચેરીને જાણ કરીને રાજય સરકારોની સલાહ પ્રમાણે સુધારા વધારા કરી શકે.

૩. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ આ યોજનાને સફળ બનાવવા તમામ કાર્યવાહી કરશે. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ આ યોજના હેઠળ વણકરોને તાત્કાલીક રીતે આવરી લેવા માટે, લાભાર્થીઓની ઓળખ, ફોર્મ પુરા પાડવા, સુચનાઓ વગેરે જેવી પુર્વ તૈયારી રૂપ કાર્યવાહીઓ કરવા માટે હાથશાળોના પ્રભારી રાજય નિયામકોના સંપર્કમાં રહેશે.

૪. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ કે તેના અધિકૃત પ્રતિનિધિઓ (ટીપીએ), સમગ્ર દેશમાં મુદ્રણ તેમજ વિજાણું માધ્યમોમાં જાહેરાત આપવા સહિત જુદા જુદા માધ્યમો ધ્વારા હાથશાળ વણકરોમાં આ યોજનાને લોકપ્રિય બનાવવા તમામ પગલા ભરશે.

૫. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ આ યોજના/લાભાર્થીઓ સબંધિત માહિતીની જાહેરાત સ્થાનિક ભાષાઓમાં કરશે. આ સંદર્ભમાં કરવામાં આવેલ કાર્યવાહી અંગે વિકાસ આયુકત (હાથશાળ) અને રાજય સરકારને જાણ કરવામાં આવશે.

૬. બહારના દર્દીઓના વિભાગ હેઠળના હાથશાળ વણકરોના તબીબી બિલોની વહેલી પતાવટ માટે આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ કે તેના પ્રતિનિધિઓ ૪૭૦ હાથશાળ સમુહો પૈકીના ઓછામાં ઓછા ૨૫૦ હાથશાળ સમુહોમાંના મુખ્ય હાથશાળ સમુહોમાં કામગીરી સોપ્યાના એક માસમાં કચેરીઓ ખોલશે.

૭. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ વિમો ઉતરાવેલ લોકોની સંખ્યા, ઉપયોગમાં લેવામાં આવેલુ ભંડોળ, અને પતાવટ કરેલા હકકદાવા અંગેનો માસિક પ્રગતિ અહેવાલ દર માસની ૨૦મી તારીખે હાથશાળ વિકાસ આયુકતની કચેરીને મોકલશે.

૮. આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ આરોગ્ય વિમા યોજનાના અમલીકરણની સમીક્ષા કરવા દર માસની ૧૮મી તારીખે હાથશાળના પ્રભારી રાજય નિયામક/ આયુકત સાથે બેઠક યોજશે. તે દિવસે રજા હોય તો તે બેઠક તે પછીના કામકાજના દિવસે યોજવામાં આવશે. વીમા કંપની તેમના હકક દાવા વિભાગમાંથી તે રાજયને લગતા આંકડા અગાઉથી પુરા પાડવાની વ્યવસ્થા કરશે. આઇસીઆઇસીઆઇ એ ખાસ કરીને ચુકવણીઓ અને ભરપાઈ અંગેના પ્રશ્નો ઉકેલવા યોગ્ય પગલાં ભરવાં જોઈએ.

૧૨. દેખરેખ નિયંત્રણ અને મુલ્યાંકન :-

૧૨.૧ જિલ્લા કક્ષાએ અરજદારોની નામ નોંધણીની પ્રગતિનું દેખરેખ નિયંત્રણ કરવા તેમજ તે જિલ્લામાં યોજના હેઠળના હકકદાવાની ચુકવણી કરવા તેમજ ખાસ કરીને હકકદાવાના પ્રશ્નો ઉકેલવા રાજય સરકારના મદદનીશ હાથશાળ નિયામક તેમજ આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ ના પ્રતિનિધિઓની સમિતિ દર માસના પ્રથમ અઠવાડીયામાં મળશે.

૧૨.૨ હાથશાળ વિકાસ આયુકતની કચેરી, તેની જુદી જુદી ક્ષેત્ર કચેરીઓ મારફત તેમજ રાજય સરકારો અને આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ સાથે વખતો વખત બેઠકો યોજીને પ્રગતિનું દેખરેખ નિયંત્રણ કરશે.

સહી/-
( બી.કે.સિંહા )
નાયબ અધ્યક્ષ (હાથશાળ)

નં.૧/૧/૨૦૦૭-ડીસીએચ-ડબલ્યુ-ડબલ્યુ-એચડબલ્યુસીડબલ્યુ-એસ
૧૧મી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૨૦૧૨) દરમિયાન
મહાત્મા ગાંધી વણકર વિમા યોજનાના અમલીકરણ માટેની માર્ગદર્શક સુચનાઓ.

પ્ર સ્તા વ ના :-

ભારત સરકારે ડીસેમ્બર-૨૦૦૩માં વણકર વિમા યોજના શરૂ કરી છે. આ યોજના જનશ્રી વિમા યોજના અને એડ ઓન ગૃપ ઈન્સ્યોરન્સ યોજનાનું સંયોજન હતી અને તેનો અમલ ભારતીય જીવન વીમા નિગમના સહયોગથી કરાઇ રહયો હતો. ૨૦૦૫-૦૬ થી આ યોજનામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. અને મહાત્મા ગાંધી વણકર યોજનાના સુધારેલા શીર્ષક હેઠળ અમલ કરવામાં આવે છે.

૧૧મી યોજના દરમ્યાન મહાત્મા ગાંધી વણકર યોજનાના વર્ધિત લાભ સાથે અમલ કરવામાં આવશે. ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૨૦૧૨ દરમિયાન દર વર્ષે વધુમાં વધુ નવીકરણના કેસ સહિત ૬૬૬૬૬૬૫ વણકરોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

ઉદ્દેશ :-

મહાત્મા ગાંધી વણકર વિમા યોજનાનો મુળ ઉદ્દેશ, કુદરતી તેમજ આકસ્મિક મૃત્યુના કિસ્સામાં તેમજ સંપુર્ણ કે અંશત : વિકલાંગતાના કિસ્સામાં હાથશાળ વણકરોને વર્ધિત વિમા સુરક્ષા પુરી પાડવાનો છે.

પાત્રતા :-

૧. યોજના હેઠળ સહાય મેળવવા માટે વણકરો નીચેની શરતોનું પાલન કરતા હોવા જોઇએ.

- વણકરની ઓછામાં ઓછી ૫૦ ટકા આવક હાથશાળ વણાટમાંથી મેળવતો હોવો જોઇએ.

- ૧૮ થી ૫૯ વર્ષની વચ્ચેની વય જુથના લઘુમતી, મહિલા વણકરો તેમજ એનઇઆર માં ઉત્તર પૂર્વના પ્રદેશમાં સમાવિષ્ટ વણકરો સહિતના તમામ સ્ત્રી કે પુરૂષ વણકરો આ યોજના હેઠળ આવરી લેવા માટે પાત્ર છે.
- રાજય હાથશાળ વિકાસ નિગમો/ ટોચની/ પ્રાથમિક હાથશાળ વણકર સહકારી મંડળીઓના વણકરોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. સરકારી મંડળીઓની બહારના વણકરોને પણ તેઓ પાત્રતાની શરતોનું પાલન કરે છે તે મતલબના રાજય હાથશાળ નિયામકની કચેરી તરફથી મળેલા પ્રમાણપત્રના આધારે આ યોજના હેઠળ આવરી લઇ શકાય.
- આ યોજના હેઠળ આવરી લેવા માટેની વિચારણા થતી હોય તેવા વણકરોની પાત્રતાની ખરાઇ કરવાની જવાબદારી હાથશાળના પ્રભારી રાજય નિયામકની રહેશે.
- આ યોજનાનો અમલ કરતી વખતે મહિલા વણકરો લઘુમતિમાં આવતા વણકરો એનઇઆર રાજયો( ઉત્તર પુર્વના રાજયો) અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા, અને સિકકીમના વણકરોને પણ પુરતુ પ્રતિનિધિત્વ આપવામાં આવે તે સુનિ િ ત કરવાની જવાબદારી રાજયના પ્રભારી નિયામક તેમજ આઇ.સી.આઇ.સી.ની રહેશે.

વહીવટ :-

રાજયમાં હાથશાળના પ્રભારી સત્તાધિકારી, ભારતીય જીવન વિમા નિગમ સાથે વણકરોનું વિમા રક્ષણ નકકી કરશે.

વિમા રક્ષણના મુખ્ય લક્ષણો :-

૧. આ યોજનાનો વહીવટ ભારતીય જીવન વિમા નિગમ કરશે.

૨. રાજયમાં હાથશાળમાં પ્રભારી સત્તાધિકારી, ભારતીય જીવન વીમા નિગમ સાથે વણકરોના વિમા રક્ષણ અંગેનો આખરી નિર્ણય કરશે.

લાભ :-

| ક્રમ નં. | | ૧/૧૦/૦૭ થી લાભ |
|---|---|---|
| ૧ | કુદરતી મૃત્યુ | રૂા. ૬૦,૦૦૦/- |
| ૨ | આકસ્મિક મૃત્યુ | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| ૩. | સંપુર્ણ વિકલાંગતા | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| ૪. | અંશત વિકલાંગતા | રૂા. ૭૫,૦૦૦/- |

પ્રિમીયમ :-

વ્યકિતદીઠ રૂા. ૩૩૦/- ના વાર્ષિક પ્રિમીયમનું નીચે મુજબ વિભાજન કરવામાં આવશે.

| | |
|---|---|
| ભારત સરકારનો ફાળો | રૂા. ૧૫૦/- |
| વણકરોનો ફાળો | રૂા. ૮૦/- |
| ભારતીય જીવન વિમા નિગમનો ફાળો | રૂા. ૧૦૦/- |
| કુલ પ્રિમીયમ | રૂા. ૩૩૦/- |

કામગીરીની પધ્ધતિ :-

૧. દર વર્ષે આ યોજનાનું નવીકરણ કરી શકાય છે. અને દર વર્ષે નવીકરણની નિયત તારીખે પ્રિમીયમ ચુકવણી કર્યા બાદ જ રક્ષણનું સાતત્ય સુનિ િ ત કરવામાં આવે છે. લાભાર્થી આખા વર્ષ માટેની પ્રિમીયમની રકમ

એક સાથે ભારતીય જીવન વિમા નિગમને ચુકવશે. આ યોજના તા. ૧/૧૦/૨૦૦૭ થી અમલમાં મુકવામાં આવશે.

૨. એકવાર ચુકવેલ પ્રિમીમય પરતકરવામાં આવશે નહિ.

૩. દર વર્ષે વધુમાં વધુ સંખ્યામાં નવીકરણ કરવામાં આવશે. સામાન્ય રીતે પ્રિમીયમ પુરી રકમ, એટલે કે સરકારનો તેમજ લાભાર્થી બન્નેનો હિસ્સો મળ્યા પછી જ વિમા રક્ષણનો અમલ થાય છે. વીમા હ ાનો સરકારનો હિસ્સો તૈયાર ન હોય તેવી અનિવાર્ય પરિસ્થિતિમાં જીવન વિમા નિગમ લાભાર્થીનો હિસ્સો સ્વીકારશે. અને તદ્અનુસાર રક્ષણનો અમલ કરવામાં આવશે.

૪. હાથશાળ અને કાપડ ઉધોગના પ્રભારી રાજય નિયામકની કચેરી અને ક્ષેત્રમાં તેની તાબાની કચેરીઓ યોજનાના અમલીકરણ માટેની કેન્દ્રવર્તી એજન્સીઓ હશે. કેન્દ્રવર્તી એજન્સી વિમા રક્ષણ સબંધિત તમામ બાબતોમાં વીમા ઉતરાવેલ સભ્યો વતી કાર્ય કરશે. જીવન વિમા નિગમ આ યોજના હેઠળ વધુમાં વધુ વણકરોને આવરી લેવા માટે લાભાર્થીઓની ઓળખ તેમજ ફોર્મ અને સુચનાઓ વગેરે આપવા માટે હાથશાળના પ્રભારી રાજય નિયામકો સાથે સંપર્કમાં રહેશે.

૫. સંભવિત લાભાર્થીએ અરજી સહ નામ નિયુકિત ફોર્મ ભરીને તેને પ્રિમીયમના તેના/તેણીના હિસ્સા સાથે કેન્દ્રવર્તી એજન્સીને આપવાનું રહેશે. કેન્દ્રવર્તી સંસ્થાઓને અરજી ફોર્મ જીવન વિમા નિગમ ધ્વારા આપવામાં આવશે. કોઇ તબીબી પ્રમાણપત્રની જરૂર નથી. અને સ્વયં પ્રમાણીકરણ આ હેતુ માટે પ્રર્યા છે.

૬. ઉકત ફોર્મ મળ્યા બાદ કેન્દ્રવર્તી એજન્સી અરજીની ચકાસણી કરશે અને યોગ્ય જણાય તો પ્રિમીયમની રકમ સ્વીકારશે. અને આવા લાભાર્થીઓની યાદી પ્રિમીયમની રકમ સાથે જીવન વિમા નિગમને મોકલશે.

૭. કેન્દ્રવર્તી એજન્સીઓ પાસેથી લાભાર્થીઓની યાદી સાથે પ્રિમીયમની રકમ મળતાં જીવન વિમા નિગમ આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલા તમામ વણકરોને કાર્ડ/પ્રમાણપત્રો આપશે. અને તે કાર્ડ/પ્રમાણપત્ર એ રીતે તૈયાર કરવા જોઇએ કે તેમાં નવીકરણનો માસ/તારીખ પણ દર્શાવવામાં આવ્યા હોય. કાર્ડ સ્થાનિક ભાષામાં તૈયાર કરવા વણકરો આનાથી જીવન વિમા નિગમ પાસેથી તેમની લેણી નીકળતી રકમ માટેનો હકકદાવો કરી શકશે.

૮. મૃત્યુ કે વિકલાંગતાના કિસ્સામાં સબંધિત નામ નિયુકત/લાભાર્થી મૃત્યુનુ પ્રમાણપત્ર/ સબ પરીક્ષા અહેવાલ/ તબીબી પ્રમાણપત્ર/હોસ્પિટલમાંથી રજા આપ્યાનું પ્રમાણપત્ર અને લાગુ પાડી શકાય તેવા અન્ય સબંધિત દસ્તાવેજો જેવા દસ્તાવેજી પુરાવા સહિત તેને/તેણીનો હકકદાવો કેન્દ્રવર્તી એજન્સી મારફત જીવન વિમા નિગમને મોકલશે. કેન્દ્રવર્તી એજનસી હકકદાવો મળ્યાના ૧૫ દિવસમાં જીવન વિમા નિગમને મોકલશે. જીવન વિમા નિગમ હકકદાવો મળ્યાની તારીખથી એક માસમાં હકકદાવાની પટાવટ કરીને લાભાર્થી/નામનિયુકતના ખાતામાં બારોબાર ચેક દ્વારા કેન્દ્રવર્તી એજન્સીને જાણ કરીને અથવા કેન્દ્રવર્તી એજન્સી મારફત રકમની ચુકવણી કરશે.

૯. લાભાર્થી પછીના વર્ષ માટેના વિમાના પ્રિમીયમની ચુકવણી ન કરે તો વિમા રક્ષણ આપો આપ બંધ થશે. જો કે લાભાર્થી જરૂરી વિમા હ ાની ચુકવણી કરીને કોઇપણ અનુગામી વર્ષમાં ફરીથી યોજનામાં જોડાઇ શકે છે.

૧૦. હાથશાળ વણકર વિમાના સમય ગાળા દરમિયાન તેની નોકરી એક મંડળી અથવા નિગમમાંથી બીજી મંડળી/ નિગમમાં બદલે તો આ યોજના લાભાર્થી તરીકે તે/તેણીએ કેન્દ્રવર્તી એજન્સીને જાણ કરવાની રહેશે.

૧૧. રાજય સરકારો અને રાજય હાથશાળ નિગમો/ ટોચની પ્રાથમિક હાથશાળ વણકર સહકારી મંડળીઓ/ સંઘો/ સંગઠનો/ મુદ્રણ તેમજ અન્ય માધ્યમો મારફત જાહેરાતો આપીને હાથશાળ વણકરોને આ યોજનામાં જોડાવા પ્રોત્સાહિત કરીને યોજનાની અમલીકરણ કાર્યવાહીમાં સક્રિયપણે જોડાશે.

૧૨. કેન્દ્રવર્તી એજન્સીઓ વિમા રક્ષણની તેમજ હકકદાવાની પતાવટની વિગતો દર્શાવતો નિયતકાલિક અહેવાલ હાથશાળ વિકાસ આયુકત કાપડ મંત્રાલયને મોકલશે.

<u>વધારાના લાભ :-</u>

૧. મહાત્મા ગાંધી વણકર વિમા યોજના તે હેઠળ આવરી લેવામાં આવેલા માતા-પિતાના બાળકોને શિક્ષા સહયોગ યોજના હેઠળ શિષ્યવૃત્તિ પણ આપે છે.

૨. ૯ થી ૧૨ ધોરણમાં ભણતા વિધાર્થીઓને બાળક દીઠ દર ત્રણ માસે વધુમાં વધુ ચાર વર્ષના સમય ગાળા માટે કે તેઓ ૧૨મું ધોરણ પાસ કરે ત્યાં સુધી બે માંથી જે સમયગાળો ઓછો હોય તેટલા માટે રૂા. ૩૦૦/- ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ જુન થી મે સુધીના શૈક્ષણિક વર્ષ માટે આપવામાં આવશે.

૩. આ લાભ આવરી લેવામાં આવેલા સભ્યના બે બાળક સુધી મર્યાદિત છે. લિંગ આધારિત કોઈપણ ભેદભાવ ને લક્ષમાં લીધા વિના બન્ને બાળકોને શિષ્યવૃત્તિ માટે આવરી લેવામાં આવશે.

૪. વિધાર્થી નાપાસ થાય અને તેજ ધોરણમાં રહી જાય તો તેજ ધોરણમાં પછીના વર્ષ માટેની શિષ્યવૃત્તિ માટે તે પ્રાત્ર ગણાશે નહિ. તે બાબત સુનિ િ ત કરવી કે એમ.જી.બી.બી.વાય. શિક્ષા સહયોગ યોજના હેઠળ લાભ મેળવતા વણકર સમુદાયના તેજસ્વી એને અભ્યાસુ વિધાર્થીઓ પરત્વે ધ્યાન આપવામાં આવે જેથી અન્ય વણકર પરિવારના બાળકોને તેમની સરસાઈ કરવાની પ્રેરણા મળે.

૫. વ્યકિત એકવાર મહાત્મા ગાંધી વણકર યોજનામાં સભ્ય તરીકે દાખલ થઈ જાય પછી આ યોજના હેઠળ લાભાર્થીની પસંદગી બાબતે આવકનો વધુ પુરાવો આવશ્યક નથી.

૬. શિષ્યવૃત્તિ ધારકના માતા-પિતા કે કેન્દ્રવર્તી એજન્સી પાસેથી પ્રીમિયમ લેવામાં આવતુ નથી. મહાત્મા ગાંધી વણકર વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલા માતા-પિતાના બાળકોને આપવામાં આવતો આ વધારાનો લાભ છે. મહાત્મા ગાંધી વણકર વિમા યોજના હેઠળ વાર્ષિક નવીકરણની તારીખે પ્રિમીયમ ચુકવવામાં ન આવે તો તેવા કિસ્સામાં બાળક શિષ્યવૃત્તિ માટે પાત્ર બનતુ નથી.

૭. મહાત્મા ગાંધી વણકર વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલા સભ્યોમાંથી શિક્ષા સહયોગ યોજના માટેના લાભાર્થીઓની પસંદગી કરવાની રહે છે. રાજયના લક્ષ્યાંકિત લાભાર્થી વિધાર્થીઓને તે રાજયમાં આવરી લેવામાં આવેલા હયાત સભ્યોની સંખ્યાના પ્રમાણમાં મહાત્મા ગાંધી વણકર વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલા સભ્યોમાં વિભાજિત કરી શકાય, આખરી પસંદગી સૌથી વધુ ગરીબના માપદંડ પર આધારિત રહેશે. કારણ કે શિષ્યવૃત્તિની સંખ્યા મર્યાદિત હોય છે. અને કોઈપણ લૈગિક ભેદભાવ રાખ્યા વિના આપવામાં આવે છે.

૮. જેનું બાળક શિષ્યવૃત્તિ માટે લાયક હોય તેઓ મહાત્મા ગાંધી વણકર વિમા યોજનાનો સભ્ય, અરજી ફોર્મ કેન્દ્રવર્તી એજન્સીમાં ઉપલબ્ધ હોય, નોડલ સંસ્થા લાભાર્થી વિધાર્થીઓની યાદી સાથે ભરીને કેન્દ્રવર્તી સંસ્થાને આપશે. યોગ્ય રીતે ભરવામાં આવેલી અને પ્રમાણિત કરવામાં આવેલી અરજીઓ શિક્ષા સહયોગ યોજના હેઠળ શિષ્યવૃત્તિની ચુકવણી માટે સબંધિત જીવન વિમા નિગમ પીએન્ડજીએસ ને મોકલશે. લાભાર્થી વિધાર્થીઓને સબંધિત કેન્દ્રવર્તી એજન્સી મારફત શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

૯. જીવન વિમા નિગમ અને નોડલ સંસ્થા લાયક વિધાર્થીઓને શિષ્યવૃત્તિ ચુકવશે. લાભાર્થી વિધાર્થીઓની યાદી સાથે નોડલ સંસ્થાના નામે ખાતામાં જમા થતો ચેક મોકલશે. નોડલ સંસ્થાએ રેકર્ડ જાળવવાનું રહેશે. અને ઉપયોગીતાનું પ્રમાણપત્ર સમયાંતરે જીવન વિમા નિગમ પીએન્ડજીએસ એકમને મોકલવાનું રહેશે.

<u>હકકદાવાની કાર્યવાહી :-</u>

મૃત સભ્યના લાભાર્થીએ મૃત્યુ પ્રમાણપત્રની મુળ નકલ કેન્દ્રવર્તી એજન્સીને આપવાની રહેશે. જે તેને જીવન વિમા નિગમ એટલે કે મુળભુત રીતે વિમા રક્ષણને આખરી રૂપ આપ્યુ હોય તે શાખાને હકકદાવાના દસ્તાવેજો સહિત મોકલવાની વ્યવસ્થા કરશે. જીવન વિમા નિગમ લાભાર્થીને બારોબાર ચેક મોકલીને હકકદાવાઓની પતાવટ કરશે. જો કે આ કાર્યવાહીની જાણ સબંધિત રાજય સરકાર તેમજ હાથશાળ આયુકતની કચેરીને કરવાની રહેશે. અકસ્માતના હકકદાવાના કિસ્સામાં પોલીસ તપાસ અહેવાલ પણ રજુ કરવો જરૂરી છે. વિગતવાર કાર્યવાહી મુખ્યત્વે જીવન વિમા નિગમના સમાજ સુરક્ષા જુથ યોજનાઓની કાર્યવાહી મુજબ જ રહેશે.

<u>ભંડોળ છુટુ કરવું :-</u>

૧. ભંડોળ છુટુ કરવા માટે જિવન વિમા નિગમ અને હાથશાળના પ્રભારી સત્તાધિકારી એમજીબીબીવાય હેઠળ આવરી લેવાના વણકરો મુકરર કરશે. હાથશાળ વિકાસ આયુકતની કચેરી ભારત સરકાર કાપડ મંત્રાલય યોજના હેઠળ આવરી લેવાના હાથશાળ વણકરોની સંખ્યાના આધારે અગાઉથી જીવન વિમા નિગમને બારોબાર પ્રિમીયમનો તેનો હિસ્સો મોકલશે. ( ભંડોળ) છુટુ કરવા માટેની દરેક અનુગામી અરજી સાથે કરવામાં આવેલા હકકદાવા અને પતાવટ કરેલા હકકદાવાઓ અંગે વિમા કંપનીની કામગીરી અંગેની નોંધ જોડવી જોઈએ.

૨. પ્રિમીયમનો કેન્દ્ર સરકારનો હિસ્સો જીવન વિમા નિગમને સીધો ચુકવવામાં આવશે.

<u>દેખરેખ નિયંત્રણ અને મુલ્યાંકન :-</u>

૧. રાજય સરકારો આ યોજનાની પ્રગતિનું દેખરેખ નિયંત્રણ અને મુલ્યાંકન કરશે. જેઓ દર ત્રણ મહિને ભૌતિક અને નાણાંકિય પ્રગતિ અહેવાલો હાથશાળ વિકાસસ આયુકતને મોકલશે.

૨. જીવન વિમા નિગમ એમજીબીબીવાય યોજનાના અમલીકરણની સમીક્ષા કરવા દર મહિનાના બીજા અઠવાડીયામાં જિલ્લા કક્ષાએ હાથશાળના રાજય નિયામક/પ્રભારી આયુકત અને મદદનીશ નિયામક હાથશાળ સાથે બેઠક યોજશે. જીવન વિમા નિગમ તેમના હકકદાવા વિભાગમાંથી રાજયને લગતા આંકડા અગાઉથી પુરા પાડશે.

૩. હાથશાળ વિકાસ આયુકતની કચેરી તેની ક્ષેત્રિય કચેરી મારફત અને રાજય સરકારો તેમજ જીવન વિમા નિગમ સાથે વખતો વખત બેઠકો યોજીને પ્રગતિનું દેખરેખ નિયંત્રણ કરશે.

૪. આ યોજનાનું મુલ્યાંકન ૧૧મી યોજનાના મધ્યસત્ર મુલ્યાંકન વખતે કરવામાં આવશે.

સહી/-
( બી.કે.સિંહા)
હાથશાળ વિકાસ આયુકત
ટે.નં.૨૩૦૬૨૯૪૫ અને
૨૩૦૬૩૬૮૪